# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર. ૧૧૪/૨૦૧૮-૧૯ થી જા.ક્ર. ૧૨૬/૨૦૧૮-૧૯ માટે તારીખ-૦૨/૦૧/૨૦૧૯ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૧૭/૦૧/૨૦૧૯ (૧૩:૦૦ કલાક) સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in/** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૧૧૪ | પેથોલોજી ટ્યુટર, વર્ગ-૨ (ખાસ ભરતી) | ૧૫ | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૫-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૧૫ | પેથોલોજી ટ્યુટર, વર્ગ-૨ | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૨૬-૦૫-૧૯ | ઓગષ્ટ-૧૯ | ડિસેમ્બર-૧૯ |
| ૧૧૬ | એનાટોમી ટ્યુટર, વર્ગ-૨ (ખાસ ભરતી) | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૩૧-૦૩-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૧૭ | બાયોકેમેસ્ટ્રી ટ્યુટર, વર્ગ-૨ | ૦૮ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨-૦૫-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવેમ્બર-૧૯ |
| ૧૧૮ | ફીઝીયોલોજી ટ્યુટર, વર્ગ-૨ | ૦૬ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૯-૦૫-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવેમ્બર-૧૯ |
| ૧૧૯ | ફાર્માકોલોજી ટ્યુટર, વર્ગ-૨ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | ડિસેમ્બર-૧૯ |
| ૧૨૦ | મદદનીશ નિયામક (ભૌતિક જૂથ), વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩-૦૪-૧૯ | જુન-૧૯ | સપ્ટેમ્બર-૧૯ |
| ૧૨૧ | મદદનીશ નિયામક (બાયોલોજી જૂથ), વર્ગ-૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૨૨ | સાયન્ટીફીક ઓફિસર (ભૌતિક જૂથ), વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૨૩ | સાયન્ટીફીક ઓફિસર (રસાયણ જૂથ), વર્ગ-૨ | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૬-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૨૪ | સાયન્ટીફીક ઓફિસર (બાયોલોજી જૂથ), વર્ગ-૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૨૫ | અધિક્ષક, મધ્યસ્થ જેલ અને પોરબંદર ખાસ જેલ, વર્ગ-૧ | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૧૨૬ | આચાર્ય, પર્વતારોહણ સંસ્થા, માઉન્ટ આબુ, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨-૦૫-૧૯ | જુલાઇ-૧૯ | ઓક્ટોબર-૧૯ |

નોંધ:- (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૪) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૫) ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-‘A’ (ENGLISH) માન્ય ગણાશે નહીં.

(૬) ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તા. ૧૭-૦૧-૨૦૧૯ ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૭) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી Online કરેલ અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાતપણે Confirm કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે

(૮) આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર-૨૦૧૮માં પ્રસ્તાવિત જાહેરાતો પૈકી પ્રસિદ્ધ ન થઇ શકેલ જાહેરાતો વિભાગ દ્વારા અદ્યતન ભરતી નિયમો પ્રસિદ્ધ થયા બાદ કેલેન્ડર-૨૦૧૯માં પ્રસિદ્ધ કરવામાં આવશે. તા: ૩૧/૧૨/૨૦૧૮